## વેચાણ દસ્તાવેજ

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ઝુંડાલના બ્લોક/સર્વે નં.૪૧૬/૨, ટી.પી.સ્કીમ નં.૭૨ (ત્રાગડ-ઝુંડાલ), ફાઈનલ પ્લોટ નં.૮૧/૧ ની ૬૭૩૮ સમ ચો.મી. બીનખેતીની જમીન ઉપર આવેલ "સહજાનંદ હેલેનીયમ" નામની રેસીડેન્સીયલ ફ્લેટ્સ તથા દુકાનોની યોજનામાંના બ્લોક "......." માં ......... માળે આવેલ રેરા મુજબ કારપેટ એરીયા .......... સ.ચો.મી. તથા વોશ એરીયા/બાલ્કનીનો કુલ........સમ ચો.મી. એરીયા મળીને કુલ .............સમ ચો.મી., જેનો બિલ્ટઅપ એરીયા ...........સ.ચો.મી.ના ક્ષેત્રફળવાળી ફ્લેટ નંબર-....../......... તરીકે ઓળખાતી મિલકત તથા તેને આનુસંગીક સદર .......... સ.ચો.મી.જમીન પૈકી વગર વહેંચાયેલ ............... સમ ચો.મી. મીલકતના વેચાણ દસ્તાવેજ રૂા.            /- પુરાનો

---

<u>એકતરફવાળા :-</u> શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી
લખી આપનાર પેઢી વતી તેના વહીવટકર્તા ભાગીદારી
પ્રવિણભાઈ વલ્લભભાઈ નસીત
ઉ.વર્ષ-૪૭, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
ઠે.સહજાનંદ હેલેનીયમ, આરાધ્ય હોમ્સની બાજુમાં,
અર્થ સ્કુલની સામે, ઝુંડાલ-ત્રાગડ રોડ, ન્યુ ચાંદખેડા,
અમદાવાદ-૩૮૨૪૨૪
Pan No.ADUFS 2755 B

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એકતરફવાળા અને/અગર લખી આપનાર અને/ અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે, જે શબ્દના અર્થમાં અમો એકતરફવાળા લખી આપનાર ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતોવખતના ભાગીદારો, સકસેસર્સ, એસાઈનીઝ, સરવાઈવર્સ, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

<u>બીજીતરફવાળા :-</u>
લખાવી લેનાર

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફવાળા અને/અગર લખાવી લેનાર અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે, જેના અર્થમાં તમો બીજીતરફવાળા લખાવી લેનારનો તથા તમારા વંશ, વાલી, વારસો, સેકસેસર્સ, સરવાઈવર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીક્યુટર્સ, એસાઈનીઝ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

(૧) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ઝુંડાલના બ્લોક/સર્વે નં.૪૧૬/૨, ટી.પી.સ્કીમ નં.૭૨ (ત્રાગડ-ઝુંડાલ), ફાઈનલ પ્લોટ નં.૮૧/૧ ની ૬૭૩૮ સમ ચો.મી. બીનખેતીની જમીન ઉપર આવેલ "સહજાનંદ હેલેનીયમ" નામની રેસીડેન્સીયલ ફ્લેટ્સ તથા દુકાનોની યોજનામાંના બ્લોક "......." માં ......... માળે આવેલ રેરા મુજબ કારપેટ એરીયા .......... સ.ચો.મી. તથા બાલ્કની અને વોશ એરીયાનો ........

*સ.ચો.મી. મળીને કુલ......... સ.ચો.મી. કારપેટ એરીયા જેનો બિલ્ટઅપ એરીયા ...........સ.ચો.મી.ના ક્ષેત્રફળવાળી ફ્લેટ નંબર-....../......... તરીકે ઓળખાતી મિલકત તથા તેને આનુસંગીક સદર .......... સ.ચો.મી.જમીન પૈકી વગર વહેંચાયેલ ............... સ.ચો.મી. મીલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપીએ છીએ. જેને આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર મીલકત" અથવા "સદરહુ મીલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

*(૨) અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ મારફતે બાંધકામની રજાચીઠ્ઠનો કેસ નં. તા. નાં રોજ ઈશ્યુ કરેલ છે.*

*(3) સદર યોજનાનું ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટીઝ એક્ટ-૨૦૧૬, ગાંધીનગર અંતર્ગત અમદાવાદ મુકામે રજીસ્ટેશન નં. થી સદર યોજનાનું રજીસ્ટ્રેશન થયેલ છે.*

*(૪) ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ઝુંડાલના બ્લોક/સર્વે નં.૪૧૬/૨, ટી.પી.સ્કીમ નં.૭૨ (ત્રાગડ-ઝુંડાલ), ફાઈનલ પ્લોટ નં.૮૧/૧ ની ૬૭૩૮ સમ ચો.મી. બીનખેતીની જમીન ઘનશ્યામભાઈ ભગાભાઈ પટેલ વગેરે પાસેથી અમો લખી આપનાર-પેઢીનાંએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લીધેલ છે. જે અંગેનો વેચાણ દસ્તાવેજ ગાંધીનગરનાં સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૨૩૬૫૭ તા.૨૨-૧૧-૨૦૧૮ નાં રોજ નોંધવામાં આવેલ છે. અને સદર દસ્તાવેજની રૂઈએ અમો લખી આપનાર-પેઢીનું નામ રેવન્યુ રેકર્ડમાં વેચાણ ફેરફાર નોંધ નં.૯૦૧૨ તા.૨૯-૧૧-૨૦૧૮ નાં રોજ પાડવામાં આવેલ છે. અને તે રીતે અમો લખી આપનાર-પેઢી મજકુર મીલકતનાં માલીક કબજે ભોગવટેદાર થયેલા છીએ.*

*(૫) ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ઝુંડાલના બ્લોક/સર્વે નં.૪૧૬/૨, ટી.પી.સ્કીમ નં.૭૨ (ત્રાગડ-ઝુંડાલ), ફાઈનલ પ્લોટ નં.૮૧/૧ ની ૬૭૩૮ સમ ચો.મી. બીનખેતીની જમીન ઉપર આવેલ "સહજાનંદ હેલેનીયમ" નામની રેસીડેન્સીયલ ફ્લેટ્સ તથા દુકાનોનાં બાંધકામ માટેનાં પ્લાન અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ પાસેથી અમો લખી આપનારે તા.*

નાં રોજ રજાચીઠ્ઠી નં. થી મંજુર કરવામાં આવેલ છે. સદરહુ સમગ્ર જમીન બીનખેતીની અને બાંધકામ યોગ્ય બનેલ તેમજ સદર સ્કીમમાં મંજુર થયેલ પ્લાન અને લાગુ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ નિયમાનુંસાર/નાગરીક આધાર રૂપ જરૂરીયાત મુજબ પાણી, ગટર અને વિજળી સહિતની લખી આપનારે નક્કી કરેલ અને જણાવ્યા મુજબ જરૂરી સુવિધાઓયુક્ત બાંધકામ કરવા/કરાવવાની યોજના અમલમાં મુકેલ છે.

(૬) સદરહુ મીલકત ઉપર કોઈ સંસ્થા, બેંક, પેઢી, શ્રોફ, વ્યક્તિઓ, સરકારશ્રીનો કે ઔડા કે સ્થાનિકલ સંસ્થાઓનો વિગેરે કોઈનો બોજો કે કોઈ લોન નથી કે કોઈના જામીનમાં નથી. તેમજ કોઈ કોર્ટ કચેરી કે ઓફીસોમાં કોઈપણ જાતના કેસો કે પ્રોસેડિંગ્સ ચાલતા નથી કે કોઈ હુકમનામું થયેલ નથી. સદર મીલકતમાં કોઈપણ જાતના રીઝર્વેશન કે કપાતમાં નથી કે ગ્રીન બેલ્ટમાં નથી. તેમજ તેના ઉપર કોઈનો ભરણ પોષણનો કે અન્ય કોઈ હક્ક પોષાતો નથી તેમજ કોઈને કોઈપણ પ્રકારનાં લખાણોથી લખી આપેલ નથી, કોઈને કબજો સોપેલ નથી. તેવી તમામ પ્રકારના રાઈટ ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેની તમામ ખાતરીઓ અમો આપીએ છીએ. જે અંગેનું ટાઈટલ સર્ટીફેકેટ એડવોકેટશ્રી એ તા. નાં રોજ આપવામાં આવ્યુ છે.

(૭) સદરહુ સમગ્ર જમીન ઉપર જે રહેણાંકનાં ફ્લેટો તથા દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામવાળી મીલકત **"સહજાનંદ હેલેનીયમ"** એ નામથી ઓળખાશે અને સદરહુ નામમાં ફેરફાર કરવાનો તમો લખાવી લેનાર-બીજીતરફવાળાને કોઈ હક્ક કે અધિકાર નથી.

(૮) સદરહુ જમીનમાં મંજુર થયેલ પ્લાન તથા રજાચીઠ્ઠી મુજબ એપાર્ટમેન્ટ ટાઈપના રહેણાંકના ફ્લેટોનાં બાંધકામની યોજના નિયમ બધ્ધ અમો લખી આપનાર-એકતરફવાળા શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી પેઢી દ્વારા મુકવામાં આવેલ છે.

(૯) સદરહુ સમગ્ર જમીન ઉપર મુકવામાં આવેલ **"સહજાનંદ હેલેનીયમ"** નામની યોજનામાં પેરા નં.૧ માં દર્શાવ્યા મુજબની મીલકત તેને આનુસંગિક નીચે મુજબના હક્કો તથા હિતો સહિતની મીલકત ઉચ્ચક અઘાટ વેચાણ કિંમત રૂા. /- અંકે રૂપિયા પુરા માટે વેચાણ આપવાનું

*નક્કી કરીને તેનો પુરેપુરો વેચાણ અવેજ શીડ્યુલ્ડ-એ માં દર્શાવ્યા મુજબની વિગતે અમો લખી આપનારને તમો લખાવી લેનારની પાસેથી મળેલ છે. જે કિંમતમાં નીચે દર્શાવ્યા મુજબનો હક્ક તથા હિતોની કિંમતનો પણ સમાવેશ થઈ જાય છે.*

*એ) સદરહુ મીલકતની આનુસંગિક બાલ્કની નંગ-૧ ની ચો.મી...... નાં કાર્પેટ ક્ષેત્રફળવાળી મીલકતનો માલીકી હક્ક આ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનારને પ્રાપ્ત થયેલ છે જે બાલ્કનીની કોઈ અલગ કિંમત નક્કી કરેલ નથી અને તેનો વેચાણ અવેજની રકમમાં સમાવેશ થઈ ગયેલ છે.*

*બી) સદરહુ મીલકતને આનુસંગિક વરંડો નંગ-૧ ની ચો.મી...... નાં કાર્પેટ ક્ષેત્રફળવાળી મીલકતનો માલીકી હક્ક આ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનારને પ્રાપ્ત થયેલ છે જે વરંડાની કોઈ અલગ કિંમત નક્કી કરેલ નથી અને તેનો વેચાણ અવેજની રકમમાં સમાવેશ થઈ ગયેલ છે.*

*સી) સદરહુ મીલકતને આનુસંગિક વોશ નંગ-૧ ની ચો.મી...... નાં કાર્પેટ ક્ષેત્રફળવાળી મીલકતનો માલીકી હક્ક આ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનારને પ્રાપ્ત થયેલ છે જે વોશ એરીયાની કોઈ અલગ કિંમત નક્કી કરેલ નથી અને તેનો વેચાણ અવેજની રકમમાં સમાવેશ થઈ ગયેલ છે.*

*એ રીતે ઉપર મુજબના પેરા નં.૯/એ થી ૯/સી માં દર્શાવ્યા મુજબના ક્ષેત્રફળનો કુલ કાર્પેટ એરીયા ચો.મી........ માં સમાવેશ થયેલ છે.*

*મજકુર મીલકત અંગે અમો એકતરફવાળાએ તા............ નાં રોજ તમો બીજીતરફવાળાને એલોટમેન્ટ લેટર ઈશ્યુ કરેલ છે.*

*સદરહુ મીલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નક્કી કરી તેનો બાનાખતનો કરાર કરી આપેલ. જે બાનાખતનો કરાર ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા............ નાં રોજ અનુક્રમ નં........... થી નોંધવામાં આવેલ છે. સદરહુ બાનાખત કરારની શરતોને સુસંગત આ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવે છે.*

(૧૦) સદરહુ **"સહજાનંદ હેલેનીયમ"** નામના સંકુલમાં રાખેલ અને આવેલ ખુલ્લી જમીન તથા કોમન પાર્કીંગ પ્લેસ, સીડી, પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ, પાણીની પાઈપ લાઈન, લીફ્ટ, ગટર લાઈન, સુએઝ લાઈન તથા ઈલેક્ટ્રીક લાઈન, ટેલીફોન લાઈન વિગેરે સદરહુ મીલકતમાં લાવવા લઈ જવાની કોમન વ્યવસ્થા, કોમન લાઈટો, માર્જીનલ જમીન વિગેરે તમામ સુવિધાઓ સહિયારી રીતે વાપરવાનો હક્ક, સુખાધિકાર તથા બાંધકામના કોમન સ્લેબો અને ઉભા કોમન પીલર્સ, સ્કીમના પાયાનું બાંધકામ તથા સ્કીમની અન્ય સહવપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલો વરાડે પડતો હક્ક અન્ય મીલકત ધારકો સાથે સહિયારામાં ઉપયોગ કરવાનો વપરાશી હક્ક તમો લખાવી લેનારને આપેલો છે. અમો લખી આપનારે તમો લખાવી લેનારને આ વેચાણ દસ્તાવેજથી કોમન મીલકતનો પ્રત્યક્ષ કબજો સોંપેલ નથી.

(૧૧) સદરહુ **"સહજાનંદ હેલેનીયમ"** નામની સ્કીમમાં ફ્લેટો ખરીદનારા અંગે ભવિષ્યમાં જો અને જ્યારે અન્ય એસોસીએશન કે સોસાયટી કે કંપની કે બોડી રચવામાં આવે ત્યારે તેના સભ્ય થવાનું તમો લખાવી લેનારને માટે ફરજીયાત રહેશે. તેમજ એસોસીએશન તરફથી કોમન ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદત કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રીબ્યુશનની રકમ તેમજ સદરહુ મીલકતનું વાર્ષિક મેઈન્ટેન્સ વિગેરે માટે જે નક્કી કરવામાં આવે, તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. જો તે નિયમીત ચુકવવામાં તે ચુક કરશે કે વિલંબ કરશે, તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશે અને આવુ એસોસીએશન વિગેરે તેમને પાણી, લીફ્ટ, પાર્કિંગ વિગેરે વાપરતા અટકાવી શકશે અને ત્યારે તે સામે લખાવી લેનાર કોઈ જ વાંધો લઈ શકશે નહી. સદર યોજનાની કોમન એમેનીટીઝ ભવિષ્યમાં સર્વીસ સોસાયટી કે એસોસીએશનના નામે ટ્રાન્સફર કરવાની જરૂરીયાત જણાય તો લખી આપનારે તેવી કોમન એમેનીટીઝ સર્વીસ સોસાયટી/એસોસીએશનના નામે ટ્રાન્સફર કરી આપવાની રહેશે.

(૧૨) સદરહુ મીલકત તમો લખાવી લેનાર તથા તમો લખાવી લેનારના વંશ, વાલી, વારસો, સક્સેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદી તમામ કાયદાકીય જોગવાઈને આધિન ચાંદો સુરજ તપે ત્યાં સુધીના માટે માત્ર જે હેતુસર પ્લાન પાસ થયા

*હોય, તે જ હેતુસર ભોગવો, વસો, વસાવો, વેચો, સાટો, ગીરો, બક્ષીસ વિગેરે માત્ર પોતાની અંગત જવાબદારીથી આપવા માટે હક્કદાર છે.*

*(૧૩) સદરહુ **"સહજાનંદ હેલેનીયમ"**માં હાલમાં અમો લખી આપનારે એક બોરવેલ બનાવેલ છે તેનો વપરાશ દરેક યુનિટ ધારકોએ સંયુક્ત રીતે કરવાનો છે. પરંતુ, ભવિષ્યમાં નવો બોરવેલ (ટયુબવેલ) બનાવવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તો તે તમામ સભાસદો (સભ્યો) એ વરાડે પડતો ખર્ચ ભોગવીને નવો ટયુબવેલ બનાવવાનો છે. જેમાં તમો લખાવી લેનારની મુક્ત સંમતી છે. સદર **"સહજાનંદ હેલેનીયમ"** નામની યોજનામાં અમો લખી આપનારે વરસાદી પાણીના નિકાલ માટે હાલમાં કુલ-૨(બે) પરકોલેટીંગ વેલ બનાવવામાં આવેલ છે.*

*(૧૪) અમો લખી આપનાર-એકતરફવાળાએ સદર મીલકત તમો લખાવી લેનારને આ વેચાણ દસ્તાવેજથી સ્વતંત્ર માલીકી હક્કે વેચાણ કરેલ છે. અને અમો લખી આપનાર-એકતરફવાળા પ્રયોજકએ સદર મીલકત ગીરોમાં કે જામીનમાં મુકેલ નથી તેમજ સદરહુ મીલકત તમામ પ્રકારના બોજાઓથી મુક્ત છે.*

*(૧૫) સદરહુ સમગ્ર યોજના તેમાં આવેલ શીડયુલ્ડ-બી માં દર્શાવ્યા મુજબની કોમન એમેનીટીઝ તથા સ્પેશીફીકેશન સહિત વેચાણ કરેલ છે. જે કોમન એમેનીટીઝ તથા સ્પેશીપીકેશનનો તમામ સભાસદોએ સર્વીસ સોસાયટીના નિતી-નિયમોનુસાર તેમજ સર્વીસ સોસાયટીના નિયમોને આધિન સહિયારામાં ઉપયોગ/ઉપભોગ કરવાનો રહેશે. તેમજ તેવી કોમન એમેનીટીઝના કોમન મેઈન્ટેનન્સ માટે સર્વીસ સોસાયટીના વખતો વખત જે વ્યવસ્થા નક્કી કરવામાં આવે તે તમામ સભાસદોએ સહિયારામાં કરવાના રહેશે.*

*(૧૬) સદર મીલકતનો પ્રત્યક્ષ કબજો વેચાણ દસ્તાવેજ વખતે સોંપેલ છે. સદર એપાર્ટમેન્ટની બી.યુ.પરમીશન મળેથી તેનો વપરાશ કરી શકાશે.*

*(૧૭) લખાવી લેનારને સદરહુ મીલકતનો પ્રત્યક્ષ અને ખાલી કબજો જ્યારથી સોંપવામાં આવે ત્યારથી તેઓ તેમના પોતાના ખર્ચે તેની સંભાળ લેશે અને જાળવણી કરશે અને આવી જાળવણી તેમને કબજો સોંપાયો, ત્યારે જે સ્થિતીમાં હોય, તેવી સ્થિતીમાં તે મીલકત રહે તે રીતે કરશે.*

(૧૮) લખાવી લેનાર સદરહુ મીલકતની જગ્યામાં કોઈ સ્ફોટક પદાર્થ લાવશે કે રાખશે નહી. તેમજ કોઈ એવી વજનદાર વસ્તુ લાવશે કે રાખશે નહી કે એવું કોઈ કૃત્ય કરશે નહી. જેનાતી સ્કીમના બાંધકામના માળખાને નુકશાન થાય તેમજ અન્ય મીલકત ધારકોની મીલકતને ક્ષતિ કે નુકશાન પહોંચે તેવું કોઈ કૃત્ય લખાવી લેનાર કરી શકશે નહી.

(૧૯) લખાવી લેનાર તેમજ સદરહુ મીલકતના ઓક્યુપાયરે તેનો ઉપયોગ એવા પ્રકારે કરવાનો નથી કે જેનાથી અન્ય વ્યક્તિની મીલકતને નુકશાન થાય કે તકલીફ પડે કે ન્યુસન્સ થાય તેમજ લખાવી લેનારે સદરહુ મીલકતનો ઉપયોગ અસામાજીક પ્રવૃતિ માટે કરવાનો નથી.

(૨૦) લખાવી લેનારને જે હેતુ માટે સદરહુ મીલકત આપવામાં આવેલ છે. તે સિવાય અન્ય હેતુ માટે તેઓ તેનો ઉપયોગ કરી શકશે નહી યાને કે લખાવી લેનારે માત્ર રહેણાંકના હેતુ માટે જ સદરહુ મીલકતનો ઉપયોગ કરવાનો છે. તેઓ વ્યાપારીક, ધાર્મિક, ઔદ્યોગિક, વ્યસાયીક રીતે શૈક્ષણિક જેવો અન્ય ઉપયોગ કરી શકશે નહી.

(૨૧) લખાવી લેનાર સદરહુ મીલકતમાંથી કચરો કે ગંદી વસ્તુઓ કે અન્ય કશુ જ બહાર નાખશો નહી. તેમજ સ્કીમમાંના અન્ય મીલકત આગળ કે ઉપર નાખશો નહી અને તેનો સુયોગ્ય નિકાલ કરશે.

(૨૨) લખી આપનાર દ્વારા આ દસ્તાવેજની કોઈપણ શરતો અને સમજુતિઓનું લખાવી લેનાર પાસે પાલન કરવામાં ઢીલ કે વિલંબ થવાના પ્રસંગથી કે તે કારણસર લખી આપનારે લખાવી લેનાર સામેના તેમના હક્કો જતા કરેલ હોવાનું ગણાશે નહી. તેમજ તેવા વિલંબથી લખી આપનારના હક્કોને કોઈપણ હાની કે અસર થશે નહી.

(૨૩) અમો લખી આપનારે સદરહુ મીલકતનું બાંધકામ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) ના મંજુર થયેલા પ્લાન પ્રમાણે અધિકૃત આર્કીટેક્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લાનીંગ તથા ડિઝાઈન અનુસાર આર્કીટેક્ટ/એન્જીનીયરની દેખરેખ હેઠળ કરેલ છે અને તે અંગે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ-૨૦૧૬ ના નિયમોનુસાર જરૂરી પુર્તતા લખી આપનારે કરેલ છે અને તેવી

પુર્તતા કરતા રેરા ઓથોરીટી દ્વારા લખી આપનારના સદર પ્રોજેક્ટ અંગે રેરા રજીસ્ટ્રેશન નં.                 તા.                 થી ફાળવી આપવામાં આવેલ છે અને તેની તમામ વિગતો અમો લખી આપનાર દ્વારા રેરા ઓથોરીટીની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે જે વિગતો લખાવી લેનારે ચકાસેલ છે.

(૨૪) સદરહુ સ્કીમ કાયમ માટે **"સહજાનંદ હેલેનીયમ"** તરીકે ઓળખાશે, તેના નામમાં કોઈ ફેરફાર કરવાનો નથી.

(૨૫) સદરહુ મીલકત તમો લખાવી લેનારે કોઈપણ પ્રકારે કોઈને પણ ટ્રાન્સફર કરવી હોય તો સદરહુ મીલકત ધરાવનારે લખી આપનારની અથવા રચનાર સોસાયટી/એસોસીએશનની પુર્વ મંજુરી મેળવવાની છે તથા જરૂરી ટ્રાન્સફર ફી ચુકવવાની છે. જો પુર્વ મંજુરી મળી ના હોય તો તે ટ્રાન્સફરીને સદરહુ મીલકતનો કબજો તમો લખાવી લેનારે સોપવાનો નથી તથા ટ્રાન્સફર કરવાનો નથી. તેવી રીતે જો તમો લખાવી લેનાર સદરહુ મીલકતને ભાડે આપો તો પણ યોગ્ય ભાડુઆતને ભાડે આપવાની છે અને તેવા ભાડુઆતે તથા તમો લખાવી લેનારે સ્કીમના નિયમોનું પાલન કરવાનું છે. સ્કીમના કર્મચારી સાથે /મેનેજમેન્ટ સાથે ઝઘડવાનું નથી અને તે અંગે લાગતા વળગતા સરકારી વિભાગમાં તમો લખાવી લેનારે જાણ કરવાની છે.

(૨૬) સદરહુ સ્કીમમાં મુકવામાં આવેલી લીફ્ટનો ઉપયોગ લખી આપનાર કે કમીટીએ બનાવેલી નીતિ-નિયમો અનુસાર કરવાનો છે તથા લીફ્ટનો ઉપયોગ કરકસરપુર્વક કરવાનો છે અને શક્ય હોય ત્યાં સુધી પોતે જાતે તથા પોતાના કર્મચારી લીફ્ટનો દુર ઉપયોગ ના કરે તેનું દરેક મીલકત હોલ્ડરે ધ્યાન રાખવાનું છે અને તેમાં સહકાર આપવાનો છે. તેવી રીતે બાળકો પણ લીફ્ટનો ઉપયોગ વારંવાર રમવા માટે ના કરે તેનું ધ્યાન આપવાનું છે. આ લીફ્ટની ક્વોલીટી સારી છે. પરંતુ તેમ છતાં તે મશીન છે અને લખી આપનારે જાતે મેન્યુફેક્ચર કરેલુ નથી. તેથી લીફ્ટના વપરાશ દરમિયાન જો ક્ષતિથી કે અન્ય કારણસર કોઈને પણ શારીરીક કે અન્ય સ્વરૂપનું નુકશાન થાય તો તે અંગે લખી આપનાર જવાબદાર બનશે નહી તથા તમો લખાવી લેનાર તથા તમો લખાવી લેનારના વાલી, વારસો તેવી નુકશાની/વળતર તેમની પાસે માંગશો નહી/માંગી શકશો નહી તેની તમોએ ખાત્રી અને સંમતી આપેલી છે.

(૨૭) આજ પછી જો કોઈ કાયદાકીય ફેરફાર થાય અને તેના પરિણામે કોઈ વધુ વેરા, ટેક્ષ કે ફી કોર્પોરેશન ટેક્ષ, યુજીવીસીએલ માં અથવા સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં ભરવાના થાય તો તે તમામ ખર્ચ તમામ મીલકતોના ખરીદનારાએ વરાડે પડતા હીસ્સે ભોગવવાનો રહેશે. તેવી રકમ ચુકવવામાં લખાવી લેનાર બંધાયેલા છે.

(૨૮) સદર **"સહજાનંદ હેલેનીયમ"** ના ટોપ ફ્લોરના ફ્લેટોની ઉપરનું ધાબું તમામ ફ્લેટ ધારકોનું સહીયારૂં રહેશે. આ તમામ બાબતો વેચાણ લેનાર કબુલ, મંજુર રાખે છે અને આ અંગે ભવિષ્યમાં લખી આપનાર સામે કે અન્ય કોઈ ફ્લેટ રહીશ સામે વાંધો કે તકરાર કરવા- કરાવવા લખાવી લેનાર હક્કદાર નથી. સદર યોજનાના ધાબામાં ફ્લેટ ધારકો ટેલીફોન, ઈન્ટરનેટ, ચેનલના એન્ટેનાના હેતુ માટે ઉપયોગ કરી શકશે તેમાં તમામ ફ્લેટ ધારકોની સંમતિ છે.

(૨૯) સદરહુ **"સહજાનંદ હેલેનીયમ"** ની મીલકતોના માલીક/કબજેદારએ સેલર તથા ગ્રાઉન્ડ ફ્લોરના ભાગે નક્કી કરેલ વ્યવસ્થા અનુસાર વાહન પાર્ક કરવાનું રહેશે.

(૩૦) સદરહુ મીલકતના અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ, સરકારી અર્ધસરકારી જેવા કે ગવર્નમેન્ટ ટેક્ષ, બેટરમેન્ટ ટેક્ષ, વિશેષધારો, શિક્ષણ વેરો તથા સ્કીમનો વહીવટી ખર્ચ વિગેરે લખી આપનારે આજદિન સુધીના ભર્યા છે. અને આમ છતાં જો તે બાકી નીકળે તો તે ભરપાઈ કરવાની જવાબદારી લખી આપનારની છે. હવે પછીના (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના) આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ તથા સ્કીમમાનો વહીવટી ખર્ચ વિગેરે તમામ વેચાણ રાખનારે ભરવાના છે.

(૩૧) સદરહુ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલી મીલકત લખાવી લેનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સક્સેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદી કબજા ભોગવટામાં આ વેચાણ દસ્તાવેજના આધારે આવી છે. જેથી તેમાં હવે અમો લખી આપનાર તથા અમારા વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો તમામને કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો રહ્યા નથી. જેથી લખી આપનાર કે તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી કોઈપણ રીતે લખાવી લેનારને હરકત કે અટકાયત કરીશું નહી.

*(૩૨) વધુમાં સદરહુ મીલકતનાં હક્કો ટાઈટલ્સ પુરવાર કરવા માટે કાયદેસર જે જે લેખો, કાગળો વિગેરેની વખતો વખત લખાવી લેનારે તથા તેમના વંશ, વાલી, વારસો, સક્સેકસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદીને જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જરૂર પડે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં તેવા લેખો, કાગળો વિગેરે લખી આપનાર લખાવી લેનારની વિનંતીથી રાખનારના ખર્ચે યોગ્ય હશે તો કરી આપશે.*

*(૩૩) અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ સદરહુ મીલકત અંગેના દસ્તાવેજની નકલ, પ્લાનની નકલ, અન્ય કાગળોની ઝેરોક્ષ નકલ, પહોંચો તેમજ ફલેટને લગતા તમામ પેપર્સ લખાવી લેનારને મળેલા છે અને તે લખાવી લેનારે જોઈ તપાસી સ્વીકારી લીધેલ છે.*

*(૩૪) આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, લખામણી ખર્ચ, ટાઈપીંગ ખર્ચ, જી.એસ.ટી. ટેક્ષ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમામ ખર્ચ તમો લખાવી લેનારે ભોગવેલો છે તથા જો કોઈપણ સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, જી.એસ.ટી. વિગેરે હવે પછી પણ ભરવાના થાય તો તે માત્ર લખાવી લેનારે ભરવાના અને ભોગવવાના છે.*

*(૩૫)... એકતરફવાળા સદર આખીયે યોજનાના બાંધકામ પુર્ણ કરી અને બીજીતરફવાળાને એલોટ કરેલ ફાઈનલ કાર્પેટ એરીયા અંગેનું સર્ટીફીકેટ આપશે અને તેમાં વધુમાં વધુ ૩ ટકાની મર્યાદામાં જે વધઘટ હશે તે મુજબ કિંમતની ગણતરી કરવામાં આવશે. કારપેટ એરીયામાં ઘટ હશે તો તેવા સમયે બીજીતરફવાળાએ ચુકવેલ વધારાની રકમનું રીફંડ ૪૫ દીવસમાં ૧૦.૩૦ ટકાના વાર્ષીક વ્યાજ સાથે ચુકવી દેવાનું રહેશે અને જો કારપેટ એરીયામાં વધારો થયેલો હશે તો એકતરફવાળા બીજીતરફવાળા પાસેથી વધારાના ક્ષેત્રફળની એક સમ ચો.મી.ના ભાવેથી માંગણી કરી શકશે.*

*(૩૬)... સદર "સહજાનંદ હેલેનીયમ" નામની યોજનાની બી.યુ.પરમીશન આવી ગયા બાદ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળનાં નિયમ મુજબ જો કોઈ વધારાની એફ.એસ.આઈ. મળવા પાત્ર હોય તો તેવી એફ.એસ.આઈ. ઉપર કે સદર યોજનામાં આવેલ ટેરેસ ઉપર અમો એકતરફવાળાનો કોઈ પ્રકારનો હક્ક હિસ્સો રહેશે નહિ.*

(૩૭)... આ લેખ હેઠળની કોઈ જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો લેખની તે જોગવાઈઓ આ લેખના હેતુ માટે વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ લેખની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને લેખમાં સહી કરતી વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૩૮)... એકતરફવાળા તથા બીજીતરફવાળા વચ્ચે નકકી થયા મુજબ જો સદર મુદતમાં એકતરફવાળા સદર ફ્લેટના બાંધકામ સહીતની અને અન્ય સગવડો સહીતની મીલકતનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો દસ્તાવેજથી સોંપી ન શકે તો તેવા સમયે એકતરફવાળાએ બીજીતરફવાળાને માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડિંગ રેટ (MCLR), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પ્રાઈમ લેન્ડિંગ રેટ ઉપરાંત બે ટકા એટલે કે ૧૦.૩૦ ટકાના વાર્ષીક દરે રકમ ચુકવવાની રહેશે અને તે જ રીતે જો બીજીતરફવાળા એકતરફવાળાને ચુકવવાની થતી રકમ ચુકવવામાં નીષ્ફળ જાય તો તેવા સમયે બીજીતરફવાળાએ ૧૦.૩૦ ટકાના વાર્ષીક વ્યાજની રકમ ચુકવવાની રહેશે.

(૩૯)... બીજીતરફવાળાએ સદરહુ વેચાણ રાખેલ ફ્લેટ વાળી મીલકતનો કબજો સંભાળ્યાના ૫ વર્ષ સુધીમાં જો કોઈ સ્ટ્રક્ચરલ ખામી તથા પ્લાસ્ટરની ખામી જણાય અને બીજીતરફવાળા એકતરફવાળાને કાયદેસરની નોટીસ બજાવે તો તેવી ખામી એકતરફવાળાએ તેમના ખર્ચે અને જોખમે સુધારવાની રહેશે. પરંતુ બીજીતરફવાળા દ્વારા પેરા-૧૭ અને ૧૮ નું પાલન કરવામાં આવેલ ન હોય કે મંજુરીપાત્ર ન હોય તેમજ મુળ માળખાને નુકશાન થાય તેવા કોઈ ફેરફારો બીજીતરફવાળા દ્વારામાં કરવામાં આવે, તેવા સંજોગોમાં થયેલ નુકસાન કે રીપેરીંગની જવાબદારી એકતરફવાળાની રહેશે નહિ.

(૪૦) એપાર્ટમેન્ટનો કબજો સંભાળ્યા બાદ બીજીતરફવાળાએ કબજાની તારીખથી પોતાના ખર્ચ સારી તથા યોગ્ય રહેવા લાયક સમારકામ થઈ શકે તેવી સ્થિતિમાં રાખશે. એપાર્ટમેન્ટનો કબજો સ્વીકાર્યા બાદ તેનાં એપાર્ટમેન્ટની જાળવણી સાચવણી માટે બીજીતરફવાળા જાતે સંપુર્ણ જવાબદાર રહેશે

તથા તેનાં પોતાના ખર્ચે તે સારી રીતે સમારકામ કરી સારી સ્થિતિમાં રાખશે. કોઈ કાયદા કે કોઈ સત્તાધિકારીના નિયમોનું ઉલ્લઘન થાય તે રીતે એપાર્ટમેન્ટમાં બદલાવ કે ફેરફાર અથવા વધારા કરી શકશે નહી. એપાર્ટમેન્ટને નુકશાન થાય  તે સુધારા કે ફેરફાર કરી શકશે નહી એપાર્ટમેન્ટ, તેની દિવાલ તથા વિભાજન દિવાલો, ગટર, મોટી પાઈપ અને તેને લગતી તમામ વસ્તુઓને સારી તેમજ યોગ્ય રીતે સમારકામ થઈ શકે તેવી સ્થીતીમાં રાખશે. તેમજ તે સારી તથા યોગ્ય સ્થિતિમાં રાખશે.

(૪૧) એપોર્ટમેન્ટને નુકશાન થાય તે રીતે સુધારા કે ફેરફાર કરી શકશે નહી તથા મકાનનો ટેકો, છાપરા વિગેરે કોઈ રીતે નુકશાન પામે નહી અથવા તો જોખમ ન થાય તેમ રાખશે. બીજીતરફવાળા વધુમાં બાહેંધરી ખાત્રી તથા જવાબદારી લીએ છે કે તે મકાનમાં મોખરાના ભાગ ઉપર અથવા મુખ્ય દ્વારે અથવા પ્રોજેક્ટના અથવા મકાનના બાહીય હિસ્સામાં બદલાવ નહી કરે, બીજીતરફવાળા તદુપરાંત બહારનાં હિસ્સામાં કોઈપણ સ્થળે બહારની દિવાલોમાં તથા બાર્હિય વિભાગમાં દિવાલમાં અથવા બારીઓમાં રંગકામ યોજનામાં બદલાવ નહી કરે અથવા બહારના એલીવેશનમાં કે યોજના કે રૂપરેખામાં કોઈપણ જાતનો ફેરફાર નહી કરે.

(૪૨)... સદર વેચાણ આપેલ ફલેટ વાળી મીલકત ધારણ કરનાર તથા અન્ય ફલેટ/યુનીટ ધારકોએ ભેગા મળી સદરહુ કુલ મીલકત અને તેમાં આવેલ કોમન સગવડો જેવી કે રોડ, રસ્તા, કોમન લાઈટ, પાણીની સગવડ વિગેરે તમામની જાળવણી તથા રાખરખાવ માટે ............. કો.ઓ.હાઉસીંગ સર્વિસ સો.લી.ની રચના કરેલ છે  તો તેમાં વેચાણ લેનારે ફરજીયાત સભ્ય થવાનું છે અને જે અંગેની નોટીસ મળ્યાના ૭ દીવસમાં જરૂરી તમામ ફોર્મમાં સહી કરી સભાસદ થવાનું છે અને સર્વીસ સોસાયટીમાં જે નકકી થાય તે મુજબ વરાડે પડતા મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ ચુકવવાની છે તેમજ વેચાણ લેનારે કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ માટે વેચાણ રાખેલ મીલકતના એલીવેશન, કોમન દીવાલોને નુકશાન થાય, બગાડ થાય તેવુ કોઈ કૃત્ય કરવા કરાવવાનું નથી કે કોઈપણ અન્ય મીલકત ધારણ કરનારને અગવડ પડે તેવુ કોઈપણ ગેરકાયદેસરનું કૃત્ય કરવાનું નથી તેમજ તે ઉપરની અગવડ પડે તેવુ કોઈપણ ગેરકાયદેસરનું કૃત્ય કરવાનું નથી તેમજ તે ઉપરની સગવડો જે ભવિષ્યમાં ઉભી કરવામાં આવે તેનો વહીવટ બનાવેલ સર્વીસ સોસાયટી મારફતે અલગથી કરશે અને તેનું મેન્ટેનન્સ જે નકકી થાય તે તમોએ સોસાયટીના સભ્ય થઈ અને ફરજીયાત ચુકવવાનું રહેશે.

(૪૩)... પક્ષકારો વચ્ચે પેદા થતી કોઈપણ તકરાર અંદરો અંદર સમાધાન કરી પતાવટ કરવાની રહેશે, પરંતુ સમાધાનથી પક્ષકારો વચ્ચેની તકરારનો અંત ન આવે તો તેવા સમયે બંને પક્ષકારો રેરા એક્ટ-૨૦૧૬ હેઠળ નીમાયેલ ઓથોરીટી સમક્ષ તેમની તકરાર ઉપસ્થીત કરી શકશે.

## પરિશિષ્ટ

ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ઝુંડાલના બ્લોક/સર્વે નં.૪૧૬/૨, ટી.પી.સ્કીમ નં.૭૨ (ત્રાગડ-ઝુંડાલ), ફાઈનલ પ્લોટ નં.૮૧/૧ ની ૬૭૩૮ સમ ચો.મી. બીનખેતીની જમીન ઉપર આવેલ "સહજાનંદ હેલેનીયમ" નામની રેસીડેન્સીયલ ફ્લેટ્સ તથા દુકાનોની યોજનામાંના બ્લોક "......." માં ......... માળે આવેલ રેરા મુજબ કારપેટ એરીયા .......... સ.ચો.મી. તથા વોશ એરીયા/બાલ્કનીનો કુલ........સમ ચો.મી. એરીયા મળીને કુલ ............સમ ચો.મી., જેનો બિલ્ટઅપ એરીયા ...........સ.ચો.મી.ના ક્ષેત્રફળવાળી ફ્લેટ નંબર-....../......... તરીકે ઓળખાતી મિલકત તથા તેને આનુસંગીક સદર .......... સ.ચો.મી.જમીન પૈકી વગર વહેંચાયેલ ............... સમ ચો.મી. મીલકત.

"સહજાનંદ હેલેનીયમ" ના ખુંટચારની વિગત :-

| | | |
|---|---|---|
| પુર્વે | : | ફા.પ્લોટ નં.૬૭ તથા ૭૧ |
| પશ્ચિમ | : | ફા.પ્લોટ નં.૮૧/૨ ની જમીન |
| ઉત્તર | : | ફા.પ્લોટ નં.૧૨૩ ની જમીન |
| દક્ષીણ | : | ૧૫ મીટર પહોળો ટી.પી.રોડ |

વેચાણ આપેલ મીલકતના ખુંટચારની વિગત :-

| | |
|---|---|
| પુર્વે | : |
| પશ્ચિમ | : |
| ઉત્તર | : |
| દક્ષીણ | : |

એ રીતેની વિગતો તથા ખુંટ ચાર વચ્ચે આવેલ બાંધકામવાળી મીલકત તેના તમામ પ્રકારના હકક,અધિકારો સાથેની મીલકત.

*એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તથા તમો લખાવી લેનારે રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર, બિનકેફે, તંદુરસ્ત સ્થિતિમાં કરેલ છે, જે અમો લખી આપનારને તથા અમો લખી આપનાર પ્રોપરાઈટર ફર્મ, વંશ, વાલી, વારસો, સક્સેશરો, એસાઈનીઓ, એક્ઝીક્યુરો, એડમીનીસ્ટ્રેટરો તેમજ તમો લખાવી લેનારને તથા તમો લખાવી લેનારના વંશ, વાલી, વારસો, સક્સેશરો, એસાઈનીઓ, એક્ઝીક્યુરો, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.*

*અમદાવાદ*

*તા.*

*અત્રે---------------------------મતુ* *અત્રે------------------------શાખ*

*શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી*
*પેઢી વતી તેના વહીવટકર્તા ભાગીદારી*

----------------------------------- ૧.----------------------------

*પ્રવિણભાઈ વલ્લભભાઈ નસીત*
*લખી આપનાર*

૨.----------------------------

શીડ્યુલ્ડ-એ

પેમેન્ટ ડીટેઈલ્સ

| રકમ | ચેક નં. | તારીખ | બેંકનું નામ |
| --- | --- | --- | --- |

---

રૂા. /- અંકે રૂપિયા પુરા

## શીડ્યુલ્ડ-બી

## સહજાનંદ હેલેનીયમ- પ્રોજેક્ટ વિશિષ્ટતા

૧. સારી બ્રાન્ડની વિટ્રીફાઈડ ટાઈલ્સ

૨. દરેક ટોઈલેટમાં લીન્ટલ લેવલ સુધી ડિઝાઈનર ગ્લેઝડ ટાઈલ્સ ડેડો.

૩. એસ.એસ.સિંક સાથે ગ્રેનાઈટ પ્લેટફોર્મ.

૪. કન્સીલ્ટ કોપર પાવર સાથેનું ઈલેક્ટ્રીક ફીટીંગ

૫. સેરા અથવા સમકક્ષ સેનીટરીવેર, જેગુઅર, પ્લમ્બર અથવા સમકક્ષ ફિટિંગ.

૬. એલ્યુમીનીયમ સેક્સન બારી.

૭. ટી.વી. અને ટેલીફોન માટે પૂરતા પોઈન્ટ.

૮. ઓટોમેટીક લીફ્ટ

૯. પૂરતા પાણી માટે અલગ બોરવેલ.

૧૦. દરેક એરિયામાં લાપી અને પ્રાયમર ફીનીશીંગ.

૧૧. આકર્ષક મુખ્ય દરવાજો- વુડન ફ્રેમ સાથે.

૧૨. અન્ય દરવાજા - ફલશ ડોર,

***“સહજાનંદ હેલેનીયમ”*** *ના નામથી ઓળખાતી સ્કીમમાં ……… ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં……… વાળી મીલકત.*

______________________

______________________ ______________________

*લખી આપનાર* *લખાવી લેનાર*

**રજીસ્ટ્રેશન અધિનીયમની કલમ-૩૨(અ) મુજબનું પરીશીષ્ટ**

**લખી આપનારની સહી** **ફોટો** **અંગુઠો**

*શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી*

*પેઢી વતી તેના વહીવટકર્તા ભાગીદારી*

---------------------------------

*પ્રવિણભાઈ વલ્લભભાઈ નસીત*

**લખાવી લેનારાની સહી**

---------------------------------